(તસવીર : વિપુલ ચૌહાણ)

કલોલ વૈષ્ણવ સમાજ તથા યમુના સત્સંગ મંડળ દ્વારા કલોલના જુના ચોરા વિસ્તારમાં વૈષ્ણવ સંપ્રદાયની ગોવર્ધનનાથજીની હવેલીમાં શ્રી યમુના ગુણાગાન મહોત્સવનું અને શ્રી યમુનાજી ૧૦૮ લોટીજી ઉત્સવ આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રીદિવસીય મહોત્સવમાં કડી વૈષ્ણવાચાર્ય યુવા આચાર્ય પ.પુ.ગો. ૧૦૮ શ્રી કુંજેશ કુમારજીના સ્વમુખેથી પુષ્ટિભક્તિનો બીજ ભાવને દૃઢીભૂત કરવા આ અલૌકીક મહોત્સવનું આયોજન થયું છે.

ભાદરવી પૂનમના મેળામાં ૨૧ લાખ દર્શનાર્થીઓ ઉમટ્યા

ગાંધીનગર, તા. ૨૯

યાત્રાધામ અંબાજી મુકામે યોજાયેલ ભાદરવી મહામેળો હવે અંતિમ ચરણમાં છે. ચૌદસ સુધીમા યાત્રીકોની સંખ્યા ૨૧ લાખના આંકને વટાવી ગઈ છે. ચૌદસની રાતના બાર વાગ્યા પછી શ્રદ્ધાળુઓ પુનમ ગણતાં હોવાથી મધરાતે માતાજીના દર્શન કરી ઘણા યાત્રીકો પરત ફરતા હોય છે. અંબાજી મુકામે મીની મહાકુંભનો માહોલ સર્જાયો છે. દૂર દૂર થી આવતાં યાત્રીકો મંદિર પરિસરમાં પહોંચતા જ હરખઘેલા બનીને જય અંબેના ગગનભેદી જયઘોષ કરે છે. મેળા -સંગે છ હજાર જેટલી ધજાઓ શ્રદ્ધાળુઓ ધ્વારા ચઢાવાઈ છે. મંદિરમાં ૧૦૩ ફુટ ઉંચા શિખર ઉપર ધજા ચઢાવાતી હોય ત્યારે ચાચર ચોકમાં ઉભેલા માઈભકતો તાળીયો પાડીને, મંદિરના શિખર તરફ હાથ જોડીને જયઘોષ કરતાં હોય છે.

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા યાત્રીકોને સરળતાથી દર્શન તેમજ -સાદ મળે તે માટે મંદિર

પરિસરમાં પુરતી વ્યવસ્થા કરાઈ છે. ટ્રસ્ટ ધ્વારા વિના મૂલ્યે ભોજન -સાદનો લાભ બે લાખથી વધુ યાત્રીકોએ લીધો છે. દર્શન કરીને મંદિરની બહાર આવતાં યાત્રીકોના ચહેરા ઉપર આનંદ અને સંતોષની લાગણી જણાય છે. દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા સંખ્યાબંધ સ્થળોએ વિસામા કેન્દ્રો બનાવાયા છે. મેળો હવે અંતિમ ચરણમાં પહોચ્યો છે ત્યારે યાત્રીકો રમતા ઝુમતા હરખભેર અંબાજી પહોંચી રહ્યા છે.

આજે તા.૩૦ સપ્ટેમ્બર, ભાદરવી પૂનમ મેળાનો છેલ્લો દિવસ છે, પુનમના દિવસે નિયમિત દર્શન કરવા આવતાં ભકતો પણ આજે ઉમટશે. ઉલ્લેખનીય છે કે, દર પુનમના દિવસે ઘણા માઈભકતો રાજયમાંથી આવે છે તે ઉપરાંત મુંબઈથી પણ સેંકડો ભકતો દર પુનમે અંબાજી દર્શનાર્થે આવે છે. માઈભકતોને મા અંબે ઉપર અપાર શ્રદ્ધા હોય છે. શ્રદ્ધાળુઓ જીવનમાં ડગલેને પગલે માતાજીનુ સ્મરણ કરી બાધા, માનતા પણ રાખતા હોય છે. ભકતોની માનતા પુરી થતાં શ્રદ્ધાળુઓ હરખભેર અંબાજી દોડી આવીને માનતા પુરી કરે છે. ઘણા માઈભકતો સાષ્ટાંગ દંડવત -ણામ કરતાં કરતાં પણ દર્શનાર્થે આવતા જણાય છે. ઘણાં દંપતિઓ પોતાના નાના બાળકોને હીંચકામાં ઝુલાવતાં ઝુલાવતાં પણ અંબાજી લઈ જતાં હતાં. પદયાત્રામાં વૃદ્ધો, નાના બાળકો અને અપંગો પણ જોવા મળ્યા હતા. ભાદરવી પુનમનો મહામેળો શ્રદ્ધાળુઓ માટે મહાઅવસર હોય છે.

ગાંધીનગર ઈન્ડીયન મેડીકલ એસો.ની ચૂંટણીમાં ડૉ. અનિલ ચૌહાણ વિજય

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર ઈન્ડીયન મેડીકલ એસોસિએશનની ચૂંટણી તાજેતરમાં યોજાઈ હતી. એસોસિએશનની ચૂંટણીમાં આજ સુધીના ઈતિહાસમાં સૌથી જંગી મતદાન નોંધાયું હતું. ભારે રસાકસી ભરેલી આ ચૂંટણીમાં પ્રેસીડેન્ટ પદે ડૉ. અનિલ ચૌહાણ ભારે બહુમતીથી ચૂંટાઈ આવ્યા હતા.

ગુજરાત વિધાનસભામાં કાર્યરત ડૉ. અનિલ ચૌહાણ અત્યારે ગવર્નમેન્ટ મેડીકલ ઓફીસર્સ એસોસિએશન ગાંધીનગરના

પ્રેસીડેન્ટ, ઈન્ડીયન મેડીકો ઓર્ગેનાઈઝેશન ગાંધીનગરના વાઈસ પ્રેસીડેન્ટ તથા ગવર્નમેન્ટ ઈન સર્વિસ ડોક્ટર્સ એસોસિએશનના ઈન્ટર્નલ ઓડીટર જેવા હોદ્દાઓ ધરાવે છે. મુખ્ય ચૂંટણી અધિકારી તરીકેની કામગીરી ડૉ. પિયુષ દવે અને ડૉ. રાજેશ શાહે સંભાળી હતી. ડૉ. અનિલ ચૌહાણે આ પ્રસંગે સામાજિક સેવાઓને વધુ સુદૃઢ બનાવવા, કન્ટીન્યુઅસ મેડીકલ એજ્યુકેશનના કાર્યક્રમો કરવા તથા પારિવારિક ભાવના કેલવવા અનુરોધ કર્યો હતો.

હિંમતનગરમાં પ્રૌઢ દ્વારા ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે એક પ્રૌઢ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા (ગોળીયો) પી જતા તાત્કાલિક એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ગતરોજ હિંમતનગરના મોતીપુરા વિસ્તારની નંદનવન સોસાયટી ખાતે રહેતા પ્રફુલ્લભાઈ હીરાચંદ શાહ ઉં.વ. ૫૮ના એ કોઈ અગમ્યકારણોસર ઝેરી દવા પી જતા તાત્કાલિક હિંમતનગર મેડી સ્ટાર હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. આ બાબતની જાણ હિંમતનગર ટાઉન પોલીસમથકે કરવામાં આવી છે.

(તસવીર : વિપુલ ચૌહાણ)

ડી.વાય.એસ.પી. તરૂણ બારોટની સી.બી.આઈ.એ કરેલી ધરપકડના વિરોધમાં ગઈ સાંજે કલોલ શહેરના બારોટ વાસમાંથી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ધરપકડનો વિરોધ પ્રગટ કરતી રેલીમાં સ્વયંભુ મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. ઉલ્લેખનીય છે કલોલ એ ડીવાયએસપી તરૂણ બારોટનું મોસાળ થાય છે.

વિનાયક મિત્ર મંડળ સે. ૫-બી દ્વારા ગણેશોત્સવની ઉજવણી

રમતગમત, ડાન્સ, ગરબા, ભજન, સુંદરકાંડ જેવા અનેક કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૨૯

વિનાયક મિત્ર મંડળ સેક્ટર-૫-બી દ્વારા ગણેશ ચોથથી દશમ દરમિયાન ગણેશ ચોક, સેક્ટર-૫-બી ખાતે સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગણેશ મહોત્સવ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો દ્વારા વિવિધ વિષયો પર પ્રોજેક્ટ, રમત-ગમત સ્પર્ધાઓ, કથા, સુંદરકાંડ, ભજન, ડાન્સ સ્પર્ધા, ગરબા તથા આંતર રાષ્ટ્રીય રમત દોરડાકૂદ અને ઓલમ્પીક રમત ફેન્સીંગની પ્રદર્શન મેચનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાર્વજનીક ગણેશ મહોત્સવમાં વિવિધ રમત સ્પર્ધાઓમાં વિજેતા ખેલાડીઓ ચેસમાં ધો. ૧ થી ૬માં પ્રથમ ધ્રુવાંશ પ્રજાપતિ, દ્વિતીય જુનેદ, ધોરણ ૭ થી ૯માં પ્રથમ પાઠક રૂદ્ર, બીજા ક્રમે ઠાકોર અમરસિંહ અને ત્રીજા ક્રમે બારોટ ઉમંગ તથા ધો. ૧૦થી ઉપરના સિનિયર વિભાગમાં ઠાકોર હાર્દિક પ્રથમ, રાવલ આદિત્ય બીજા અને ત્રિવેદી જયે ત્રીજુ સ્થાન મેળવ્યું હતું. દોરડાકૂદ સ્પર્ધામાં ધો. ૧ થી ૫માં રાજપૂત અર્ચના પ્રથમ, શાહ હેલી દ્વિતીય અને પ્રજાપતી તુલસી ત્રીજા ક્રમે રહ્યા હતા. ધોરણ ૬ થી ૮માં પ્રથમ ઠાકોર અમરસિંહ, બીજા ક્રમે રાઠોડ હિરલ અને ત્રીજા ક્રમે ઠાકોર પાર્વતી, ધોરણ-૯ થી ઉપર સિનિયર વિભાગમાં ભાવસાર ધ્વની પ્રથમ, ઠાકોર કિંજલ દ્વિતિય અને રાજપૂત ઉર્વશીએ ત્રીજુ સ્થાન મેળવ્યું હતું. લીંબુ ચમચીમાં ધો. ૧ થી ૪માં નજરીની પ્રથમ, યાદવ ભારતી દ્વિતિય અને પ્રજાપતી ધ્રુવ ત્રીજા ક્રમે, ધો. ૫માં પ્રથમ શ્રીમાળી કૃણાલ, બીજા ક્રમે પ્રજાપતી તુલસી અને ત્રીજા ક્રમે શાહ હેલી, ધો. ૬માં પ્રથમ ચૌધરી જાનવી અને બીજા ક્રમે ઠાકોર પાર્વતી, ધો. ૭માં બ્રહ્મભટ્ટ કિર્તન પ્રથમ, છાયા મંથન બીજા ક્રમે અને શાહ નેહાએ ત્રીજુ સ્થાન મેળવ્યું હતું. કોથળા દોડમાં ધો. ૧ થી ૪માં પ્રથમ મછાર ભાગ્યશ્રી, બીજા ક્રમે મકવાણા મીતેષ, ત્રીજા ક્રમે યાદવ ભારતી ધો. ૫માં શ્રીમાળી કૃણાલ પ્રથમ, જોષી વૃતી દ્વિતિય અને બારીયા ભાવિક ત્રીજા ક્રમે રહ્યા હતા. ધો. ૬માં પ્રથમ તબીયાર રીન્કુ, દ્વિતિય કિશોરી ભાવિક, તૃતિય ચૌધરી જાનવી ધો. ૭માં પ્રથમ રાઠોડ હિરલ, દ્વિતિય બ્રહ્મભટ્ટ કિર્તન, તૃતિય છાયા મંથન, ધો. ૮માં પ્રથમ અજમેરી સાહિલ, દ્વિતિય યાદવ મિતેષ, તૃતીય વાઘેલા જયેન્દ્ર ધો. ૯ થી ૧૨માં પ્રથમ યાદવ મનીષ, દ્વિતિય ઠાકોર હાર્દિક, તૃતિય ઠાકોર કિંજલ જ્યારે સંગીત ખુરશી રમતમાં ધો. ૧ થી ૩માં પ્રથમ શેખ રાહિલ, દ્વિતિય યાદવ અભિષેક, તૃતિય પરમાર સંજના, ધોરણ ૪ થી ૫માં પ્રથમ શાહ હેલી, દ્વિતીય પ્રજાપતી ધ્રુવાંશ, તૃતીય બારીયા ભાવિક ધો. ૭ થી ૯માં પ્રથમ મહારાજા સ્લોકી, દ્વિતિય અજમેરી સાહિલ, તૃતીય ગોલ જસજીતસિંહ સીનીયર ભાઈઓમાં પ્રથમ દરજી જીગર, દ્વિતિય બ્રહ્મભટ્ટ ધાર્મિક, તૃતિય દરજી ઉત્તમ તેમજ સીનીયર બહેનોમાં પ્રથમ કિશોરી ગીતાબેન, દ્વિતિય પ્રજાપતી શિલ્પાબેન અને તૃતિય યાદવ ચંદ્રિકાબેન રહ્યા હતા. ગરબા સ્પર્ધામાં બેસ્ટ પર્ફોમન્સમાં પ્રથમ રાજપૂત ઉર્વશી, દ્વિતિય પરમાર નીરૂબેન અને તૃતિય નયનાબેન ચૌધરી તેમજ ટ્રેડિશનલ ડ્રેસમાં પ્રથમ સ્લોકી મહારાજા, દ્વિતિય અર્ચના રાજપૂત અને તૃતિય સ્થાને સંજના દલવાડી રહ્યા હતા. આ તમામ વિજેતાઓતથા ડાન્સ પર્ફોમન્સ આપનાર તમામ સ્પર્ધકોને વિનાયક મિત્ર મંડળ દ્વારા ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. મંગળવારના રોજ ભગવાન શ્રી ગણેશની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. સાર્વજનીક ગણેશ મહોત્સવના આયોજનમાંવિનાયક મિત્ર મંડળના ધર્મેન્દ્ર પ્રજાપતી, પરેશ સોનાર, સંદિપ પરમાર, દિપક શાહ, જીગર દરજી, પૂનમ દરજી અને કિશોર સોનાર દ્વારા ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

છેલ્લા દસ દિવસથી ખેડબ્રહ્મા શહેરમાં ૧૮ જગ્યાએ ગણપતિની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં શનિવારના રોજ બ્રહ્માજી ચોક, શિતલચોક, સરદારચોક, પટેલ સોસાયટી, સુરતીકંપા, નવા મારવાડા સહીતના ૧૮ ગમપતિની વિસર્જનયાત્રા કાઢવામાં આવી હતી. ભગવાનની વિસર્જનયાત્રા ડી.જે.ના તાલે નવયુવાન અને અબાલવૃદ્ધ સૌ નાચી કૂદી ભગવાનની વિસર્જન યાત્રામાં જોડાયા હતા. કતારબદ્ધ ગણપતિની વિસર્જનયાત્રા જોવા સમગ્ર શહેર ઉમટી પડ્યું હતું. વિસર્જનયાત્રા કાશી વિશ્વનાથ મહાદેવથી ચાલુ થઈ શિતલચોક, સરદાર ચોક, પેટ્રોલપંપ ગઈ તેમ તેમ ગણપતીના ટ્રેક્ટર જોડાતા ગયા હતા. અંતે બધા જ ગમપતિને ફરણાવ નદીમાં વિસર્જન કરવામાં આવ્યા હતા. આ વિસર્જન યાત્રામાં અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે પૂરતો બંદોબસ્ત ગોઠવ્યો હતો. (રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

વિદ્યાનગર બી.એડ. કોલેજના તાલીમાર્થીઓના સ્ટ્રે લેશન યોજાયા

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે આવેલી વિદ્યાનગરી કોલેજ ઓફ એજ્યુકેશનમાં અભ્યાસ કરતા બી.એડ.ના વિદ્યાર્થીઓએ 'સ્ટ્રે લેશન'ના ભાગરૂપે અલગ-અલગ શાળાઓમાં તા. ૧૭ થી ૨૪ સપ્ટેમ્બર દરમિયાન જઈ શિક્ષણકાર્ય કર્યુ હતુ. આ પ્રસંગે તાલીમાર્થીઓએ તાલીમના ભાગરૂપે શિક્ષણકાર્યની સાથે સાથે બાળકોની આંતરીક શક્તિ ખીલવવા માટે સાંસ્કૃતિક તેમજ રમત-ગમતની પ્રવૃત્તિ પણ કરી હતી. વિદ્યાનગરી કોલેજના પ્રિન્સિપાલ અલકા એસ. શાહના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

ગણેશ મહોત્સવ સમિતિ સે-૨૨ દ્વારા સહયોગીઓનો આભાર વ્યકત કરાયો

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, સેકટર-૨૨ રંગમંચ, ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે ૪૩મો ગણેશોત્સવ ૧૯ થી ૨૫મી સપ્ટેમ્બર દરમિયાન સે-૨૨, રંગમંચ ખાતે ઉજવવામાં આવ્યો હતો.

ગણેશોત્સવ દરમિયાન રંગમંચ ખાતે ભકિત આરાધનાની સાથે સાથેવિધ વિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. ધર્મપ્રેમી જનતાએ મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્થાનિક વસાહતીઓ, બેંકો, વ્યાપારી સંસ્થાઓ, રાજયપાલશ્રીનું કાર્યાલય, પ્રેસ-મિડીયાના તંત્રીઓ, ફોટોગ્રાફરો, અધિકારીઓ, મૂર્તિના દાતા સુખલાલ ભાવે, ડૉ. રાજીવ હર્ષ, કેપિટલ ઓફસેટ, કેપિટલ પ્રિન્ટોરિયમના રમેશભાઈ નોબલ પ્રિન્ટર્સ, ગુજરાત સરકારનો માહિતી વિભાગ, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગૃહ વિભાગ, ગાંધીનગર જિલ્લા પોલીસ, એસ.આર.પી., ગ્રૂપ-૧૨, મહારાષ્ટ્ર સમાજ, માર્ગમકાન વિભાગ, પાટનગર યોજના વિભાગ, ગાંધીનગર મહાનગર પાલિકા, ફાયર બ્રગેડ, જયોતિ મહિલા મંડળ, શૈશવ આર્ટ ગેલેરી, માતૃવંદના હોસ્ટેલ, સમિતિના હોદ્દેદારો, સલાહકાર કારોબારી સમિતિ તેમજ કાર્યકર્તાઓનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે આર્થિક તેમજ અન્ય માધ્યમ દ્વારા સમિતિને સેવા પુરી પાડવા બદલ મહામંત્રી પ્રવિણ બાલપાંડેએ સૌનો આભાર વ્યકત કર્યો છે.

હિંમતનગર ખાતે સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતી અંતર્ગત વ્યાખ્યાન કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર મુકામે સરકારી જિલ્લા પુસ્તકાલય દ્વારા સ્વામિ વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ યુવા વર્ષ-૨૦૧૨ વ્યાખ્યાન કાર્યક્રમ, રાજયના ગ્રથાલય નિયામક ડૉ. પ્રદિપ આઝાદના અધ્યક્ષસ્થાને તાજેતરમાં યોજાઈ ગયો.

આ પ્રસંગે મદદનીશ ગ્રંથાલય નિયામક એન.એમ. ચૌહાણએ ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરી નાગરિકોને વાંચનમાં રસ પ્રેરવવા અનુરોધ કર્યો હતો. ડૉ. પ્રદિપ આઝાદે વિવેકાનંદજીની વિચારધારાનો પ્રચાર પ્રસાર કરવા યુવાનોને સંકલ્પ લેવડાવ્યો હતો. અને ગ્રામ્ય વિકાસમાં જોડાવવા અનુરોધ કર્યો હતો અને સાથોસાથ આજના યુવાનોના જીવન ઘડતર અને રચનાત્મક માર્ગે વાળવા સારૂ આવા કાર્યક્રમો યોજવા અભિપ્રાય વ્યકત કર્યો હતો.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જલસેવાભવન, સેકટર ૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેન્ડર નોટીસ નં : ૧/૨૦૧૨
સિસ્ટમ મેનેજરશ્રી (કોમ્પ્યુટર સેલ), ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર (ફોન નં. ૨૩૨૨૩૨૧૮) દ્વારા બોર્ડની ગાંધીનગર સ્થિત કચેરીઓ પર ઈન્સ્ટોલ કરવામાં આવેલ તમામ પ્રકારના લેસર પ્રિન્ટરની કાર્ટ્રીજ રીફીલ કરવા માટે વાર્ષિક ભાવકરાર કરવા આવા કામનો બહોળો અનુભવ ધરાવતા ઈજારદારો પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. આ કામગીરીની વાર્ષિક અંદાજીત કિંમત રૂ. ૭૦,૮૦૦/- (જે વધુ બે વર્ષ માટે લંબાવવા પાત્ર છે) થાય છે. કોરા ટેન્ડર ઈશ્યુ કરવાની છેલ્લી તારીખ ૧૭/૧૦/૨૦૧૨ છે જયારે ભરેલ ટેન્ડર પરત કરવાની છેલ્લી તારીખ ૨૯/૧૦/ ૨૦૧૨ રાખવામાં આવેલ છે. કોરા ટેન્ડર ફોર્મ મેળવવા માટેની ફી રૂ. ૬૦૦/- તથા ભરેલ ટેન્ડર સાથે જમા કરાવવાની ઈ.એમ.ડી.ની રકમ રૂ. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પૂરા) છે. ટેન્ડર મેળવવાની જરૂરી લાયકાત તથા આ અંગેની વધુ વિગતો બોર્ડની વેબસાઈટ www.gwssb.org પર ઉપલબ્ધ છે.
માહિતી/ ૧૫૮૦/૧૨-૧૩

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
'ગ' રોડ, ગાંધીનગર, સેકટર-૧૫, ગાંધીનગર
જાહેર નિવિદા (બીજો પ્રયત્ન)
સંયુકત નિયામકશ્રી, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેકટર-૧૫, ગાંધીનગર દ્વારા માન્ય સંસ્થાનો કેટેગરીનો ડીપ્લોમા ધરાવતા અથવા મેશ ચલાવવાનો ઓછામાં ઓછા ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા કોન્ટ્રાકટરો પાસેથી ઈ-ટેન્ડર પધ્ધતિથી ગુજરાત જલસેવા તાલીમ સંસ્થાની કેન્ટીન ચલાવવાના વાર્ષિક કોન્ટ્રાકટ આપવાના આશરે અંદાજિત રકમ : રૂ. ૮,૭૩,૪૦૦.૦૦ના કામના ભાવો માંગવામાં આવે છે. ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તા. ૧૮/૧૦/૨૦૧૨ છે. ટેન્ડર ફી રૂ. ૯૦૦/- તથા બાનાની રકમ રૂ. ૮૭૩૦/- રાખવામાં આવેલ છે. ટેન્ડર ઓપનીંગ તા. ૫/૧૧/૨૦૧૨ના રોજ ૧૨.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. ટેન્ડર ડોકયુમેન્ટ ફીઝીકલ ફોર્મમાં અપલોડ કરવાની તથા આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી કચેરીને મોકલવાની તારીખ : ૨૦/૧૦/૨૦૧૨ થી ૨૯/૧૦/૨૦૧૨ મુકરર કરવામાં આવેલ છે. ટેન્ડર અંગેની વધુ માહિતી www.gwssb.org તથા www.nprocure.com પરથી ટેન્ડર ID-99164 ઉપર મુકવામાં આવેલ છે. આ અંગેની વિસ્તૃત વિગતો અને શરતોને આધિન માહિતી ઉપરોકત કચેરી પરથી ઓફીસ સમય દરમિયાન સબંધકર્તાઓએ મેળવવાની રહે છે અને તે સર્વેને બંધનકર્તા રહેશે. કોઈ પણ ટેન્ડર સ્વીકારવા કે રદ કરવાની સત્તા કાર્યપાલક ઈજનેરને અબાધિતરહશે.
માહિતી/૧૫૭૭/૧૨-૧૩

ટચૂકડી જાહેર ખબર
અટળક નાણાં કમાઓ
મૂડીરોકાણ વગર સ્વતંત્ર બિઝનેશ કરી મહિને ૨૦,૦૦૦થી અનલિમિટેડ આવક, કમાઓ
મો. : ૯૮૯૮૨૩૮૬૬૯
મો. : ૯૭૨૩૨૯૬૦૮૮
વેચવાનું છે
(૧) બ્લુ સ્ટાર વિન્ડો એ.સી.
(૨) ગોદરેજ ફ્રીજ ૧૬૫ લીટર
(૩) ટી.વી.નું શોકેશ
(૪) લાકડાનો ફોલ્ડીંગ પલંગ
મકાન વેચવાનું છે
બી/૬, કિર્તીધામ સોસાયટી, વાવોલ રોહાઉસ
મો. ૯૮૨૪૨ ૫૭૧૯૯
મો. ૯૯૭૮૪ ૪૦૬૦૬

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૮૨૮